ગાંધીનગર સમાચાર

# જિલ્લામાંથી ૩૯,૦૭૬ ઉમેદવારો રેવન્યુ તલાટીની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૮

ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ દ્વારા આગામી તા ૨૮ ફેબ્રુઆરીના રોજ તલાટીની ભરતી સંદર્ભે પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમગ્ર રાજયમાંથી ૧૨.૨૫ લાખ ઉમેદવારો આ કસોટી આપવાના છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૩૯૦૭૬ ઉમેદવારો પરિક્ષા આપશે તલાટી ભરતી સંદર્ભે યોજાનારી આ પરિક્ષા ઐતિહાસિક બની રહેશે. જેના લીધે આ પરિક્ષા ઉમેદવારોની સાથે તંત્ર માટે પણ કસોટી રૂપ નિવડશે.

**૧૧૫ બિલ્ડીંગ તેમજ ૧૩૦૩ પરીક્ષા ખંડમાં પરિક્ષાની બેઠક વ્યવસ્થાનુ આયોજન ઐતિહાસિક પરીક્ષા તંત્ર માટે પણ કસોટી રૂપ**

રેવ્યુ તલાટીની ભરતી સંદર્ભે આગામી તા ૨૮ ફેબ્રુઆરીના રોજ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સમગ્ર રાજયમાંથી ૧૨.૨૫ લાખ જેટલા ઉમેદવારો પરિક્ષા આપશે.રાજયના ૩૩ જિલ્લામાં વિવિધ કેન્દ્રો પર પરિક્ષાલક્ષી આયોજનની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રેવન્યુ તલાટીની ૨૪૮૦ જેટલી જગ્યા ભરવા માટે આ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ આ પરિક્ષા તા ૨૧ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવનાર હતી. પરંતુ નગરપાલિકાની ચુંટણી પ્રક્રીયાના લીધે આ કસોટીની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી તા ૨૮ ફેબ્રુઆરીના રોજ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં બપોરે ૧૨ થી ૧ કલાક દરમિયાન પરિક્ષા યોજવામાં આવશે. રેવન્યુ તલાટીની પરિક્ષા પાર કરવા માટે ઉમેદવારો પણ કાગડોળે રાહ જોઈને બેઠા છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ પરિક્ષાલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૩૯૦૭૬ ઉમેદવારો પરિક્ષા આપશે. જયારે વિવિધ ૧૧૫ બિલ્ડીંગમાં પરિક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.કુલ ૧૩૦૩ પરિક્ષા ખંડમાં પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે.પ્રત્યેક કેન્દ્રો પર તકેદારી ઓફીસરની નિમણુંક કરવામાં આવશે.




સ્વચ્છતા એ આપણો અધિકાર છે. જે પોતે જ કરવો રહ્યો. તંત્ર દ્વારા કચરાપેટીઓ મુકાઈ, કચરો પણ ઠાલવવામાં આવે પણ ક્યારેક આવી રીતે કચરાપેટી ગમે તે કારણોસર પડી જાય તો શહેરના નાગરિક તરીકે ફરજ નથી કે પુનઃ વ્યવસ્થિત કરીએ. ક્યાં સુધી સફાઈ કર્મચારીઓની રાહ જોવાશે ? હવે તો સંકોચ છોડી પોતાના માટે સ્વચ્છતા રાખવી જરૂરી છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# પાટનગર યોજના ભવનના ૭૦૦ રોજમદાર કર્મચારીઓને નિયમિત પગાર મળતો નથી

ગાંધીનગર તા ૮

પાટનગર યોજના ભવનના રોજમદાર કર્મચારીઓને છેલ્લા ઘણાં સમયથી પગારની ચુકવણી કરવામાં આવી નથી. જેના પરિણામે સેકટરોની ઈન્કવાયરી કચેરીઓમાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓના પગાર નિયમિત રીતે થાય તેવી વ્યવસ્થા ગોઠવવા મોટ પ્રબળ માંગ ઉઠવા પામી છે. પાટનગર યોજના વિભાગના અંદાજીત ૭૦૦ જેટલા રોજમદારોને નિયમિત પગાર ચુકવાતો નથી.

**પગારની નિયમિત ચુકવણી માટે કાર્યપાલક ઈજનેરને રજુઆત**

પાટનગર યોજના ભવનના રોજમદાર કર્મચારીઓને છેલ્લા ઘણાં સમયથી નિયમિત રીતે પગાર મળતો નથી. માર્ગ મકાન વિભાગમાં છેલ્લા ઘણાં સમયથી મેન પાવરનો અભાવ વર્તાઈ રહયો છે. જયારે મેન પાવર અને ગ્રાન્ટના અભાવે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ તોબા પોકારી ગયા છે. કોન્ટ્રાકટરોને ગ્રાન્ટના અભાવે સમયસર બીલની ચુકવણી થતી ન હોવાની પણ બુમ ઉઠવા પામી છે. બીજીતરફ પાટનગર યોજના ભવનમાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓએ નિયમિત પગાર ન ચુકવાતા ભારોભાર રોષની લાગણી વ્યકત કરી છે. રોજમદાર કર્મચારીઓએ આ અંગે કાર્યપાલક ઈજનેરને આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ રોજમદાર કર્મચારીઓને છેલ્લા ઘણાં સમયથી નિયમિત રીતે પગાર મળતો નથી. જયારે ગ્રાન્ટના અભાવે પગાર ન થતો હોવાનો જવાબ મળે છે. પેટાવિભાગ કચેરીમાંથી પગાર બીલ આવ્યા ન હોવાનુ જણાંવી ઉડાઉ જવાબ આપવામાં આવે છે. હંગામી કર્મચારીઓનો પગાર થાય તે મુજબ પગાર ચુકવણી કરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. તેમના જીપીએફ ખાતામાં પણ મિસિંગ આવતુ હોવાનુ રજુઆતમાં જણાંવાયુ છે.પાટનગર યોજના વિભાગના ૭૦૦ જેટલા રોજમદારોએ આ અંગે દિવાળી બાદ રજુઆત કરી હતી. જયારે દિવાળી બાદ લાંબા સમયના અંતે પણ કર્મચારીઓને નિયમિત પગાર ચુકવાય તેવી વ્યવસ્થા થઈ શકી નથી.

# પેથાપુર નગરપાલિકા માટે ૪૯ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આજે ચકાસણી દરમ્યાન પાંચ ઉમેદવારી પત્રો અમાન્ય ઠરતાં હવે ૨૪ બેઠક માટે ૪૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

૧૬ હજારથી પણ વધુ મતદારો ધરાવતી આ નગરપાલિકામાં ૭ વોર્ડ અને ૨૪ બેઠકો છે. વિસર્જીત નગરપાલિકા કરતાં એક વોર્ડમાં ઘટાડો નવા સીમાંકનમાં થયો છે અને ૩ બેઠકો વધી છે.

આજે જે પાંચ ઉમેદવારોના ઉમેદવારી પત્રો અમાન્ય રખાયા છે તેમાં ૪ ભાજપના ડમી ઉમેદવારો તેમજ એક અપક્ષ ઉમેદવારનો

**ચકાસણી દરમ્યાન પાંચ ઉમેદવારીપત્રો અમાન્ય સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૧ માં ૯ ઉમેદવારો મેદાનમાં : ભાજપ-કોંગી વચ્ચે સીધી ટક્કર**

સમાવેશ થાય છે. હવે ચૂંટણી જંગમાં ભાજપના ૨૪ તથા કોંગ્રેસના ૨૪ અને એક અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે.

અપક્ષ ઉમેદવાર વોર્ડ નં. ૧માં મેદાનમાં છે. બાકીના પાંચ વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો ચૂંટણી જંગ જામશે. મંગળવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જતાં પ્રચાર અભિયાનના શ્રીગણેશ થશે.

૨૧મી ફેબ્રુઆરીએ જિલ્લાની આ એક માત્ર નગરપાલિકાની ચૂંટણીનું મતદાન યોજાશે.

દરમ્યાન આ ચૂંટણીમાં ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે નોડલ ઓફિસર તરીકે જિલ્લાના હિસાબી અધિકારીશ્રી દેવાંગ પટેલની નિયુક્તી કરવામાં આવી છે. તેમની સમક્ષ ઉમેદવારોએ સમયાંતરે હિસાબો રજુ કરવાના રહેશે. આ ચૂંટણીમાં ઉમેદવારદીઠ રૂ. એક લાખનો ખર્ચ કરવાની મર્યાદા ચૂંટણી પંચે રાખેલી છે.

આ ચૂંટણી માટે તંત્ર દ્વારા કર્મચારીઓને તાલિમબદ્ધ કરવામાં આવી રહ્યા છે. ૧૮ મતદાન કેન્દ્રો ચૂંટણી માટે નિયત કરવામાં આવેલા છે. નવા સીમાંકન અને નવા નિયમો અંતર્ગત આ ચૂંટણી યોજાશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના જામળા ગામે પંચાયતોના પ્રતિનિધિઓની આરોગ્ય વિષયક શિબિર ઉપપ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં અને પંચાયતના સદસ્ય જયેશ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. ૧૨૫થી વધુ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● રાજયના ચૂંટણી કમિશ્નરે આજે નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ તેમજ પેટા-ચૂંટણીને લઈ અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● આગામી ૧૨, ૧૩, ૧૪ ગાંધીનગરમાં લગ્નસરા પુરબહારમાં ખીલશે.

● ગાંધીનગર શહેરની સિવિલમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત કડીના ધારાસભ્યશ્રીએ આ વખતે રાઉન્ડ લઈ સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યુ હતું.

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલ અને પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા આજે સાંજે ઈવનીંગ વોક કરતા કરતા ચ-રોડ થઈ ઘ-રોડ પર પસાર થયા હતા.

● ગાંધીનગર જિલ્લાના તમામ ગામોના વિલેજ ડેવલપમેન્ટ પ્લાન ગ્રામસભામાં રજુ કરાયા બાદ તા. વિ. અધિકારીઓને મોકલી અપાયા.

# જૂના સચિવાલય ગાંધીનગર ખાતે વકફ ટ્રીબ્યુનલની નવીન કચેરીનો શુભારંભ

ગાંધીનગર, તા. ૮

કાયદામંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાએ જણાવ્યું છે કે રાજયના નાગરિકોને ઘરઆંગણે જ સસ્તો અને ઝડપી ન્યાય મળે તે માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે. રાજયની કોર્ટોમાં માળખાકીય સવલતો તથા નવીન કોર્ટોના નિર્માણ માટે જંગી બજેટની ફાળવણી કરીને લોકોને સસ્તો ન્યાય અપાવવા પ્રયાસો કર્યા છે.

વકફ અધિનિયમમાં ટ્રીબ્યુનલની રચનાની જોગવાઈ મુજબ રાજયના વકફ બોર્ડ દ્વારા અપાયેલા હૂકમો વિરૂદ્ધ કોઈ વ્યક્તિને કે વકફને ફરિયાદ હોય તો વકફ ટ્રીબ્યુનલમાં અરજી કરશે જેથી લીટીગન્સ ઘટશે. વકફ ટ્રીબ્યુનલમાં માત્ર વકફના જ કેસો ચલાવવાના હોવાથી વકફના કેસોનો ઝડપથી નિકાલ લાવી શકાશે. તેમણે ટ્રીબ્યુનલના અધિકારીઓને લીટીગન્સ દૂર કરવા માટે સામાજિક જવાબદારી સમજીને અસરકારક રીતે ફરજો અદા કરી સમાજમાં સીમાચિહ્ન દાખલો બેસાડવા અપીલ કરી હતી.

આ પ્રસંગે રાજ્ય વકફ બોર્ડના અધ્યક્ષ શ્રી એ.આઈ. સૈયદે જણાવ્યું કે, 'પંચ ત્યાં પરમેશ્વર' સૂત્રને સાર્થક કરવા શરૂ કરાયેલ આ પંચ સાચા અર્થમાં પરમેશ્વરની ભૂમિકા નીભાવશે.



આ પ્રસંગે ગુજરાત વકફ ટ્રીબ્યુનલના ચેરમેન શ્રી જે.પી. ગઢવી, કાયદા વિભાગના સચિવશ્રી આઈ.જે. વોરા, ચેરીટી કમિશનર શ્રી વાય.એન. શુકલ સહિત કાયદા વિભાગના અધિકારીઓ, રાજય વકફ બોર્ડના સભ્યશ્રીઓ, મુસ્લિમ સમાજના અગ્રણીઓ તથા મુતવલ્લીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કલોલના વડાસ્વામી ગામે ૧૭ કેસ અછબડાના મળ્યા

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વડાસ્વામી ગામેઆજે ૧૭ જેટલા બાળકોને અછબડા થયાનું બહાર આવતાં આરોગ્યતંત્ર દોડતુ થયું છે. તંત્રએ ગામમાં તાત્કાલિક સર્વેલન્સ હાથ ધરવાની સૂચના આપી છે. આ બાળકો પ્રા. શાળામાં અભ્યાસ કરતા હોવાનું જાણવા મળેલ છે. વાયરલ બિમારી તરીકે ઓળખાતા અછબડાના કેસો સામાન્યતઃ શિયાળો ઉતરતાં અને હોળીના આગમન પૂર્વે દેખાતા હોય છે. આ અંગેની જાણ થતાં જ જિલ્લાના અધિકારીઓ કલોલ પહોંચ્યા હતા. અને સર્વેલન્સના આદેશો જારી કર્યા છે. જિલ્લામાં અછબડાના કેસોઆ વર્ષે પહેલીવાર દેખાયા છે.

## આજે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક

આજે ભાજપ વિધાનસભા પક્ષની સાંજે ૫ વાગે વિધાનસભા ખાતે ખાસ બેઠક બોલાવવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં મળનારી બેઠકમાં વિધાનસભાના આગામી સત્ર ઉપરાંત પ્રદેશ પ્રમુખના મુદ્દે ચર્ચાઓ થવાની સંભાવનાઓના સંકેત રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે. દિલ્હી ગયેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત પરત ફરી ગયા હોવાનુંજાણવા મળેલ છે.

## એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર શહેર તથા જિલ્લાની શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો બાબતે સતત જાગૃત રહીને એન. એસ. યુ. આઈ. સરકારને જગાડવાનું કાર્ય કરે છે. ગાંધીનગર એન. એસ. યુ.આઈ.ના હોદ્દેદારો વિદ્યાર્થી નેતાઓની વિધાનસભા એન.એસ.યુ.આઈ.ના શહેર તાલુકા ઈન્ચાર્જ નિમવામાં આવ્યા છે. નિમણુંક ઓલ ઈન્ડીયા એન.એસ.યુ.આઈ.ની મંજુરીથી ક્વોલીટી અને ઈકવાલીટી પ્રોગ્રામ હેઠળ કરાઈ છે. જેમાં મહામંત્રી તથા ગાંધીનગરના ઈન્ચાર્જ તરીકે જયરાજસિંહ વિહોલા તથા માણસા ઈન્ચાર્જ તરીકે યુવરાજસિંહ ગોહીલ, કલોલ ઈન્ચાર્જ તરીકે આકાશ ચાવડા, રોય અઝરુદીન, ગાંધીનગર શહેર મંત્રી પદે ભાર્ગવ દરજી અને જયદીપ પંડ્યાની નિમણુંક કરાઈ છે.

# સરગાસણ શુકન વિલા પાસે ઉભરાતી ગટરોથી રહિશોના આરોગ્ય પર ખતરો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ન્યું ગાંધીનગર તરીકે વિકાસ પામેલા સરગાસણ વિસ્તારમાં આવેલા શુકનવિલા ફલેટની પાસે બે દિવસથી ગટરો ઉભરાય છે. ગટરોના ગંદા ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગટરના પાણી ભરાઈ રહેતા સ્થાનિક રહિશોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ચાર રસ્તાથી વળતા રસ્તા પર ગંદા પાણીના તળાવ જેવી પરિસ્થિત સર્જાવા પામી છે. શુકનવિલા, રાજધાની સોસાયટી, કેપીટલ ફલેટ, શ્રી રંગ સોસાયટી સહિતની અનેક સોસાયટી તેમજ ફલેટ આવેલા છે જેમાં હજ્જારો નગરજનો



પાણી રસ્તા પર ફરી વળતા તળાવ જેવું દ્રશ્ય સર્જાય છે. વસાહતીઓને ગંદા પાણીમાં થી પસાર થવું પડે તેવી પરિસ્થિત ઉભી થઈ છે. અસહ્ય દુર્ગંધ મારતા આ વિસ્તારના રહિશો વાસણા હડમતીયા તરફ જવાના માર્ગની બાજુમાંથી ગટર લાઈન પસાર થાય છે. આ માર્ગ પર બે થી વધુ ગટરોના ગંદા પાણી બેક મારે છે. ગટરોના ગંદા પાણી માર્ગ પર ફરી વસવાટ કરે છે. સ્થાનિક રહીશોને આ માર્ગ પરથી પસાર થવા માટે ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. અત્યારે હાલ બેવડી રુતુને કારણે વાઈરલ ફીવરના દર્દીઓ નગરમાં ઠેર ઠેર છે. ત્યારે આવા સંજોગોમાં આ રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ગંદા પાણીને કારણે મચ્છરોનો ત્રાસ પણ વધવા પામ્યો છે. આ સમસ્યા આંતરે મહિને વસાહતીઓને હેરાન કરે છે. મેઈન ગટર લાઈનમાથી ગંદુ પાણી એટલા ફોર્સથી બહાર આવે છે કે થોડાક કલાક માં જ આ વિસ્તારમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જાય છે. સ્થાનિકોને સરગાસણ ચારરસ્તા તરફ જવું હોય તો અન્ય માર્ગ પસાર થાય છે. ન્યું ગાંધીનગરના વિસ્તારમાં આ દ્રશ્ય જોઈ અન્ય નગરજનો પણ ચોંકી ઉઠે છે. ગટરના વહેતા પાણી વચ્ચે અત્યારે હાલતો સરગાસણ વિસ્તારના રહિશો ગંદકીમાં સમય પસાર કરી રહ્યા છે. અને ઉભરાતી ગટરો તંત્ર દ્વારા કયારે બંધ કરવામાં આવે છે તેની રાહ જોઈને બેઠા છે. નગરમાં વર્ષોની બનાવેલી ગટરો જામ થઈ જવાના કિસ્સા નગરમાં પણ વધવા જોવા મળે છે. તંત્ર દ્વારા શહેરની ગટરોની સમયસર યોગ્ય સફાઈ કરવામાં આવે તો આ પરિસ્થિત ઉભી ના થાય તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ટ્રાફિકના નિયમોનું પાલન કરનારને બાળકોએ પુષ્પ આપી બિરદાવ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે વાહનચાલકોની બેદરકારીમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો હોવાનું પ્રતિતિ થઈ રહ્યું છે. આ કારણથી કુડાસણ વિસ્તારની સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દ્વારા આજે સવારથી "માર્ગ સલામતી સપ્તાહ"ની ઉજવણીનો પ્રારંભ કરાયો છે. આ ઉજવણી અંતર્ગત શાળાના ૪૫૦થી વધુ બાળકોએ નગરના વિવિધ સર્કલો પર ઉભા રહી ટ્રાફિકના નિયમો પાળતા વાહનચાલકોને ગુલાબની ફૂલછડીથી બિરદાવ્યા હતા. તથા નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોને સરળ ભાષામાં નિયમો સમજાવતુ કાર્ડ આપી તેનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

ટ્રાફિક નિયમો પ્રત્યે દાખવવામાં આવતી બેદરકારીના કારણે રોજબરોજ માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સરકાર દ્વારા માર્ગ પરિવહનના નિયમોનું પાલન કરવા અનેકવાર વિવિધ પગલાઓ હાથ ધરાય છે. આમ છતાં વાહનચાલકોની વધતી જતી અવગણનાને લક્ષમાં લઈને કુડાસણની સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ



સ્કૂલના બાળકોએ રોડ સેફટી વીકનું આયોજન કર્યુ છે. આ સપ્તાહ અંતર્ગત આજે નગરમાં રક્ષાશક્તિ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ઘ-૦, ઈન્ફોસીટી, પથિકાશ્રમ ઉપરાંત ઘ-રોડ અને ચ-રોડને આવરી લેતા ૯ સ્થાનો પર બાળકોએ ઉભા રહી વાહનચાલકોને ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ ફેલાવતા શુભેચ્છા કાર્ડ વહેંચ્યા હતા. આ સભ્યો જે વાહનચાલક હેલ્મેટ પહેરવો, સીટ બેલ્ટ બાંધવો જેવા નિયમોનું પાલન કરતો જણાય તેને ગુલાબના ફૂલોની છડી આપી બિરદાવ્યા હતા. જે વાહનચાલક ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતો જણાયો હોય તેને નિયમો સમજાવતુ એક શુભેચ્છા કાર્ડ આપી નિયમોનું પાલન કરવા અનુરોધ કરાયો હતો. આ માર્ગ સલામતી સપ્તાહનો વહેલી સવારે શાળાના સંચાલક ટ્રસ્ટી પૂ. મૂર્તિસ્વામી તથા પૂ. આદર્શસ્વામીએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય નિર્મલ પટેલ તથા સ્પોર્ટસ કોચ હરેન્દ્રસિંગ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : કશ્યપ નીમાવત)

## પવનની ગતિ વધતા ઠંડી અનુભવાઈ

ગાંધીનગર, તા. ૮

ઠંડી હજુ ક્યારેક ક્યારેક ચમકારા બતાવે છે. દિવસ દરમ્યાન ઉંચુ તાપમાન અને રાત્રે તાપમાનનો પારો નીચો જતાં શહેરમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. પવનની ગતિમાં ફેરફાર થતાં શહેરમાં પુનઃ ઠંડી અનુભવાઈ હતી.

આ વર્ષે શિયાળાની ઋતુમાં ખુબ ઓછા દિવસ ઠંડી અનુભવાઈ હતી. ફેબ્રુઆરી માસમાં વધુ ઠંડી પડશે તેવી આગાહી માત્ર એકાદ-બે દિવસ પુરતી જ જાણે સાચી પડી હતી. ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં તાપમાન ઉંચુ રહેતા ઠંડી અનુભવાઈ ન હતી. ગઈકાલે સાંજથી પવનની ગતિ વધતા તાપમાન થોડુક નીચુ ગયું હતું. લઘુત્તમ તાપમાન ૯.૨ ડિ.સે. પહોંચી જતા સહેજ ઠંડી અનુભવાઈ હતી. જો કે મહત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. જેટલુ રહેતા દિવસે તો જાણે ગરમીનો અનુભવ થતો હતો. બેવડી ઋતુ અનુભવાતા શહેરમાં શરદી, ખાંસી, તાવના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

## બાબુભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે સેવા સંસ્મરણનું આયોજન

સરદાર વલ્લભભાઈ પટેલ મેમો. સોસાયટી દ્વારા બાબુભાઈ જશભાઈ પટેલની ૧૦૫મી જન્મજયંતી નિમિત્તે ૯મી ફેબ્રુઆરીને સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન શાહીબાગના સરદાર પટેલ ઓડીટોરિયમ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વકતા તરીકે વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ શાહ, બાબુભાઈ પટેલના પૂર્વ અંગત મંત્રી પ્રભાકર ખમાર તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ ઉપસ્થિત રહેશે.